सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| રજીસ્ટ્રેશન તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

---

મ્હે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,
મું. પોરબંદર

---

ફોજદારી પરચુરણ અરજી નં.૩૧૬/૨૦૨૬
આંક : –

મોઢવાડીયા માયા રામાભાઈ,
ઉ.વ.આ.૨૩, ધંધો–ઘરકામ,
રહે. કરાર સીમ, મોઢવાડા,
તા.જી.પોરબંદર. ...... અરજદાર.

વિ રૂ દ્ધ

આચાર્યશ્રી,
વી.જી.કારીયા હાઈસ્કુલ,
મોઢવાડા,તા.જી.પોરબંદર. .....સામાવાળા.

બાબત :– ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન – ૧૯૭૪ ના નિયમ – ૧૨(ક)(૪)ખંડ – (ચ) મુજબ સ્કુલના જનરલ રજીસ્ટરમાં જન્મના પ્રમાણપત્ર પ્રમાણે જન્મ તારીખમાં સુધારો કરવા અંગે.

---

અરજદારક્ષે વિદ્વાન વકિલ શ્રી આર.ડી.પ્રજાપતિ

સામાવાળા પક્ષે

---

Judicial Magistrate First Class

**-:: ઠરાવ ::-**

(૧).. આ કામે અરજદારની અરજી હકીકત એવી છે કે, અરજદારનો જન્મ તા. ૦૩/૦૨/૨૦૦૨ ના રોજ દેગામ તા.જી. પોરબંદર મુકામે થયેલ છે. અને તે સબંધેની નોંધ અરજદારના વડીલો દ્વારા દેગામ ગ્રામ પંચાયત સમક્ષ જે તે વખતે કરાવવામાં આવતા જન્મ પ્રમાણપત્ર અનુક્રમ નં ૧૦ તા. ૦૯/૦૨/૨૦૦૨ થી નોંધણી થયેલ છે. અરજદારના જન્મ બાદ અમારા વડીલો તરફથી અરજદારને પ્રથમ વખત સ્કૂલમાં દાખલ કરતી વખતે અમારી જન્મતારીખ ખરેખર જન્મ નોંધણી ના દાખલા મુજબ તા. ૦૩/૦૨/૨૦૦૨ ની હોવા છતાં અરજદારને પ્રથમ શાળામાં દાખલ કરાવતી વખતે સ્કુલ તરફથી જે તે વખતે જન્મ તારીખનો દાખલો માંગવામાં આવતો ન હોવાથી તા. ૦૨/૦૧/૨૦૦૨ ની દર્શાવવામાં આવેલ છે. અને તેથી અરજદારનું પ્રાયમરી સ્કુલમાંથી હાઇસ્કૂલમાં આવતી વખતે આપવામાં આવેલ સ્કુલ લિવિંગ સર્ટિફિકેટના આધારે ત્યારબાદના ઉતરો ઉતરના સ્કુલ છોડવાના અને સ્કુલ બદલાવવાના આપવામાં આવેલ સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં અરજદારની જન્મતારીખ ૦૨/૦૧/૨૦૦૨ ની નોંધાયેલ છે. અને તેથી છેલ્લે અરજદારે સામાવાળાની શાળામાં જી. આર. ૦૩૪૮ એલ. સી નં ૭૯૨ થી તા. ૦૧/૧૦/૨૦૨૪ નું આપવામાં આવેલ હોય તે સ્કુલ એટેન્ડ કરેલી હોય સામાવાળાની સ્કુલમાંથી આપવામાં આવેલ સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં પણ અરજદારની જન્મ તા. ૦૨/૦૧/૨૦૦૨ ની નોંધાયેલ છે પરંતુ ખરેખર અરજદારના જન્મ નોંધણીના દાખલા મુજબ અરજદારની જન્મ તા. ૦૩/૦૨/૨૦૦૨ સાચી અને ખરી છે. અરજદારનો જન્મ મરણ રજીસ્ટ્રાર

સમક્ષ નોંધાયેલા જન્મ નોંધણી પ્રમાણપત્ર આધારે ખરેખર જન્મ નોંધ તા. ૦૩/૦૨/૨૦૦૨ ની અનુક્રમ નં ૧૦ તા. ૦૯/૦૨/૨૦૦૨ નોંધાયેલ હોય અને ત્યારબાદ સ્કૂલમાં દાખલ કરતી વખતે જન્મનો દાખલો ન માંગતા અથવા તો અન્ય કોઈ કારણસર અરજદારના વડીલ દ્વારા અરજદારની જન્મ મરણ રજીસ્ટ્રાર સમક્ષ નોંધાયેલ જન્મ તારીખ નોંધાવવાના બદલે શરત ચૂકથી અરજદારની સ્કૂલમાં જન્મ તા. ૦૨/૦૧/૨૦૦૨ ની નોંધાયેલ હોય અને તેના આધારે છેલ્લે અરજદાર એ સામાવાળાની સ્કૂલમાં અભ્યાસ કરેલ હોય ત્યાંથી સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ કઢાવતા તેમાં પ્રથમ સ્કૂલમાં નોંધણી કરાવેલ જન્મ તા. ૦૨/૦૧/૨૦૦૨ આધારે ત્યાર પછીના ઉતરો ઉતર સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં નોંધાયેલ તા. ૦૨/૦૧/૨૦૦૨ સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં આવેલ હોય, તેથી જન્મ મરણ રજીસ્ટાર સમક્ષ નોંધાયેલ જન્મ પ્રમાણપત્ર આધારે સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં જન્મતારીખનો સુધારો કરી આપવા માટે ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન–૧૯૭૪ ના નિયમ–૧૨ (ક)(૪) ખંડ– (ચ) મુજબ આદેશ મેળવવા હાલની અરજી લાવવા ફરજ પડેલ છે અને હાલની અરજી લાવી નીચે મુજબની દાદ માંગેલ છે.

(૧) અરજદારનું સામાવાળા સમક્ષ નોંધાયેલ જી. આર. નં ૦૩૪૮, એલ. સી નં ૭૯૨ તા. ૦૧/૧૦/૨૦૨૪ સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં નોંધાયેલ જન્મ તા. ૦૨/૦૧/૨૦૦૨ ના બદલે જન્મ નોંધણીના દાખલા મુજબની જન્મતા. ૦૩/૦૨/૨૦૦૨ મુજબ નો સુધારો લિવિંગ સર્ટિફિકેટ માં કરી આપવાનો અને તે મુજબ સામાવાળા નવા

નમુનામાં એલ. સી કાઢી આપે તેવો ઘટિત ન્યાયિક આદેશ કરવા અરજ છે.

(૨) આ કામે રજુ રાખેલ દસ્તાવેજી આધાર પુરાવાઓ આધારે અન્ય જે કોઈ ન્યાયિક હુકમો કરવાના થતાં હોય તે મુજબના હુકમો કરવા અરજ છે.

(૨).. અરજદારની હાલની અરજી અનુસંધાને સામાવાળાને નોટીસ ઈસ્યુ કરવામાં આવતા આ કામના સામાવાળા તરીકે આચાર્યશ્રી, વી.જી.કારીયા હાઈસ્કુલ, મોઢવાડા, પોરબંદર શાળાના આચાર્ય ઝાલા અજીતકુમાર માલાભાઈ કોર્ટ સમક્ષ હાજર રહેલા છે તેમજ અરજદારની અરજી અનુસંધાને આંક–૦૫ થી તેમનો જવાબ રજુ રાખેલ છે અને જણાવેલ છે કે, આ કામના અરજદાર કે, તેઓ મોઢવાડા મુકામે શ્રી વી.જી.કારીયા હાઈસ્કુલ, મોઢવાડા મુકામે આચાર્ય તરીકે છેલ્લા ૧ વર્ષથી ફરજ બજાવે છે. તેઓની ફરજનાં ભાગરૂપે સ્કુલનાં રેકર્ડને લગતું કામ તથા વહીવટીય કામ અને અભ્યાસને લગતી કામગીરી કરવાની હોય છે. તેમની સ્કુલમાં જી.આર. નં.૦૩૪૮, પ્રમાણપત્ર નં.૭૯૨ થી વિધાર્થી તરીકે મોઢવાડીયા માયા રામાભાઈએ તેમની શાળામાં તા.૦૫/૦૬/૨૦૧૭ નાં રોજ ધોરણ–૧૧ માં એડમીશન લેવામાં આવેલ અને અભ્યાસ ધોરણ–૧૨ સુધી પૂરો થઇ જવાના કારણોસર તા.૩૧/૦૫/૨૦૧૯ ના રોજ થી શાળા છોડી દીધેલ છે. જેનું અસલ એલ.સી. કાઢતી વખતે તેમાં પ્રિન્સીપાલ તરીકે મનોજભાઈ મુળુભાઈ મોઢવાડીયાની સહી છે જે તેઓ ઓળખી બતાવેલ છે. સ્કુલનો અભ્યાસ ચાલુ હોય તે સમયે કોઈપણ વિધાર્થીને તેનું નામ, અટક કે જન્મતારીખમાં જો કોઈપણ પ્રકારનો સુધારો કરવો હોય તો તે સુધારા બાબતેનાં માન્ય

આધાર–પુરાવા મેળવી જોઈ ચકાસી અને જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદરની મંજુરી મેળવી પ્રિન્સીપાલ તરીકે તેમાં સુધારો કરી શકે છે. હાલના કેસમાં અરજદાર તા.૩૧/૦૫/૨૦૧૯ ના રોજ શાળા છોડી દીધેલ છે. જેથી તેના જી.આર. માં તેઓ કોઈપણ સુધારો નામદાર કોર્ટની પરવાનગી વગર કરી શકે નહિ મજકુર અરજદારનાં પ્રમાણપત્રમાં નં.૭૯૨ માં નોંધાયેલ જન્મ તા.૦૨/૦૧/૨૦૦૨ છે. જે શાળા રેકર્ડ મુજબ બરાબર છે અને પૂર્વ શાળાનાં લીવીંગ સર્ટીફીકેટ મુજબ બરાબર છે પણ અરજદારને જન્મ પ્રમાણપત્ર મુજબની તા.૦૩/૦૨/૨૦૦૨ હોય જે શાળાનાં જી.આર. માં નોંધવાનો હુકમ નામદાર કોર્ટમાંથી મળે તો સુધારો કરી આપવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (વીનિયમો, ૧૯૭૪) ની કલમ–૧૨(૩)(૪) એલ.સી. માં તથા જી.આર. માં સુધારો કરવા માટે નામદાર કોર્ટમાં અરજી કરવા માટે જણાવેલ. જેથી હાલની આ અરજી આ કામનાં અરજદાર શાળા છોડી દીધેલ હોય તેથી તેઓ સુધારો કરી શકે નહી. નામદાર કોર્ટ જી.આર. માં સુધારો કરવાનો હુકમ કરે તો તેઓને કોઈ વાંધો તકરાર નથી.

(૩).. આ કામે અરજદારે તેમની અરજીના સમર્થનમાં નીચે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: અરજદાર તરફે મૌખિક પુરાવો ::–**

| અનુ. ક્ર. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૦ | મોઢવાડીયા માયા રામાભાઈ | અરજદાર |

**–:: અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ.ક્ર. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૨ | અરજદારના જન્મનું પ્રમાણપત્રની નકલ |
| ૨. | ૧૩ | અરજદારના સ્કુલ લીવીંગની નકલ |
| ૩. | ૧૪ | અરજદારના આધારકાર્ડની નકલ |
| ૪. | ૧૫ | અરજદારના પાનકાર્ડની નકલ |
| ૫. | ૧૬ | અરજદારના પાસપોર્ટની નકલ |
| ૬. | ૧૭ | અરજદારના ચુંટણી કાર્ડની નકલ |

(૪).. ત્યારબાદ આ કામે અરજદાર પક્ષ તરફે આંક–૧૮ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ રાખેલ છે.

(૫).. આ કામે સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: સામાવાળા તરફે મૌખિક પુરાવો ::–**

| અનુ. ક્ર. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**–:: સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ. ક્ર. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૨ | જી.આર. રજીસ્ટર સને – ૨૦૧૭–૧૮ નું જી.આર. ૩૪૮ થી ૩૫૦ સુધીની સ્વપ્રમાણીત નકલ |

ત્યારબાદ આ કામે સામાવાળા પક્ષ તરફે આંક–૦૯ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ રાખેલ છે.

(૬).. ત્યારબાદ અરજદાર પક્ષ તરફે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. આ કામના સામાવાળા તરફે કોઇ દલીલ કે રજુઆત નથી.

**– :: નિર્ણયના કારણો :: –**

(૭).. આમ ઉપરોકત હકીકતો ધ્યાને લીધી રજુ કરેલ દસ્તાવેજી પુરાવો તેમજ વિ.વ.શ્રીની દલીલો તેમજ રેકર્ડ વંચાણે લેતા એ હકીકત પ્રથમ દર્શનીય રીતે સ્પષ્ટ પણે જણાય આવે છે કે અરજદારનું વી.જી.કારીયા હાઈસ્કુલ, મોઢવાડા, તા.જી. પોરબંદર નાઓ દ્વારા જે એલ.સી. ઈશ્યુ કરવામા આવેલ છે તેમા અરજદારની જન્મ તારીખ ૦૨/૦૧/૨૦૦૨ લખાઈ ગયેલ છે. આ કામે અરજદાર તરફે રજુ રાખવામાં આવેલ જન્મ પ્રમાણપત્રની નકલ, આધાર કાર્ડની નકલ, પાન કાર્ડની નકલ, પાસપોર્ટની નકલ તેમજ ચુંટણી કાર્ડની નકલ ધ્યાને લેતા અરજદારની જન્મ તારીખ ૦૩/૦૨/૨૦૦૨ હોવાનુ ફલીત થાય છે. આમ, આ કામે જન્મ તારીખ શરતચુકથી તા.૦૩/૦૨/૨૦૦૨ ની જગ્યાએ તા.૦૨/૦૧/૨૦૦૨ લખાય ગયેલ છે. તેમજ આ કામે સામાવાળા તરફે રજુ રાખવામાં આવેલ જવાબ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (વીનિયમો, ૧૯૭૪) ની કલમ–૧૨(૩)(૪) એલ.સી. માં તથા જી.આર. માં સુધારો કરવા માટે નામદાર કોર્ટમાં અરજી કરવા માટે જણાવેલ. જેથી હાલની આ અરજી આ કામનાં અરજદાર શાળા છોડી દીધેલ હોય તેથી તેઓ સુધારો કરી શકે નહી. નામદાર કોર્ટ જી.આર. માં સુધારો કરવાનો હુકમ કરે તો તેઓને કોઈ વાંધો તકરાર ન હોવાનું જણાવેલ છે. આમ હાલના કામે અરજદારની અરજીની હકીકત તેમજ રજુ થયેલ પુરાવાઓ તેમજ અરજદારની અરજી સદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના અનેક ચુકાદાઓ આપવામાં આવેલ છે અને જેમાં પણ જો જન્મ તારીખ મુજબ

એલ.સી માં ભુલ હોય તો એવી ભુલો સુધારી શકાય. જે જોતા **નામદાર ગુજરાત હાઈકોર્ટના તેઓના એસ.સી.એ.૧૧ ૫૧૦/૨૦૨૦ મુસ્કાનબેન સબીરઅહેમદ મનસુરી વિ. ગુજરાત સેકન્ડરી એન હાયર સેકન્ડરી એજયુકેશન બોર્ડ, તા.૨૨/૨/૨૦૨૧, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના વાસુદેવ પ્રહલાદભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત એસ.સી.એ.૪૬૩૦/૨૦૧૮ તા. ૫/૧૨/૧૮, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અતુલ વી. સ્ટેટ ઓફ ગુજરાત તા.૩૦/૧૦/૨૦૧૦** ધ્યાને લેતા યોગ્ય આધાર પુરાવા લઈ ઘડાયેલા નિયમોને આધીન તેમાં ફેરફાર કે સુધારા વધારા કરવાની સત્તા ધરાવે છે. તેવી જ રીતે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ કે, અભ્યાસ કર્યા બાદ માર્કશીટમાં જો જન્મ તારીખ કે પોતાના નામ કે માતા–પિતાના નામમાં, અટકમાં ફેરફાર હોય તો તેમા પણ સુધારો અને ફેરફાર થઈ શકે અને જે અન્વયે ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન ૧૯૭૪ અંતર્ગત નીયમ – ૧૨(એ)૬ મુજબ જે તે શાળાના આચાર્ય કે જીલ્લા શીક્ષણ અધીકારી કે ગુજરાત માધ્યમીક શીક્ષણ બોર્ડ કે જન્મ મરણ નોંધણી અધીકારી તેમા ફેરફાર કરવાની સત્તા અને અધીકાર ધરાવે છે અને જે મુજબ કરવા માટે એક માત્ર કારણ કે જે પણ અરજદાર હોય તેઓએ તેઓની અરજી લગત તેઓએ જે દાદ માંગેલ હોય તે અનુસંધાને તેઓએ યોગ્ય આધાર પુરાવા રજુ કરેલ છે તેમા સુધારા વધારા થઈ શકે. આમ ઉપરોકત ચુકાદાઓને ધ્યાને લેતા તેમજ હાલની અરજીના સંજોગો અને હકીકતો મુજબ આંક–૧૨ થી રજુ અરજદારનું જન્મપ્રમાણ પત્ર જોતા અરજદારે જે દાદ માંગેલ છે તે યોગ્ય જણાતી હોય ઉપરોકત ચુકાદાઓના આધીન હાલના

અરજદારની અરજી મંજુર કરવા યોગ્ય અને વાજબી જણાય આવતી હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**– :: આખરી હુકમ :: –**

(૧).. અરજદારની હાલની અરજી "મંજુર" કરવામાં આવે છે.

(૨).. આથી સામાવાળા આચાર્યશ્રી, વી.જી.કારીયા હાઈસ્કુલ, મોઢવાડા, તા.જી.પોરબંદર નાઓને આદેશ સહ હુકમ કરવામાં આવે છે કે તેઓએ અરજદારના જી.આર. નં.૦૩૪૮ એલ.સી. નં.૭૯૨ તા.૦૧/૧૦/૨૦૨૪ થી આપવામાં આવેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં અરજદારની જન્મ તારીખ ''૦૨/૦૧/૨૦૦૨'' ની જગ્યાએ ''૦૩/૦૨/૨૦૦૨'' મુજબનો સુધારો અરજદાર દ્વારા તમારી સમક્ષ આધાર પુરાવા રજુ કરેથી દીન–૯૦ માં તેઓના એલ.સી.માં સુધારો કરી લીવીંગ સર્ટી આપવુ અન્યથા તેઓને નવુ સ્કુલ લીવીંગ સર્ટી ઈશ્યુ કરી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩).. આ કામે સામાવાળાને સદર હુકમની જરૂરી ચાદી કરવી.

હુકમ આજ તારીખ – ૧૫, માહે – જુલાઈ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

**તા.૧૫/૦૭/૨૦૨૬**
**સ્થળ : પોરબંદર**

**(કુ. સબા સૈયદ)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**પોરબંદર**
**(GJ ૦૧૫૭૮)**

**Judicial Magistrate First Class**